**બિડાણઃ** (૧) સચિવશ્રી(આર્થીક બાબત) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮.૦૧.૨૦૧૭ નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ–૨/ઝ.૧

(૨) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૧.૦૧.૨૦૧૭ ના શેરા ક્રમાંકઃ ૫રચ/૧૧૨૦૧૭/ ૬૨ / મ.૩.

**વિષય :** રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂકો ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના બાબત..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/** ૧૮૫૭-૧૯૦૬ **/૨૦૧૭.** **તારીખ : ૦૬/૦૨/૨૦૧૭.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાનાઃ–** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

**૨/– સચિવશ્રી(આર્થીક બાબત) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮.૦૧.૨૦૧૭ ના ઠરાવમાં જણાવ્યાનુસાર અમલ કરવા સારૂ.**

**નકલ રવાના :– અત્રેની કચેરીની અ–૨ શાખા તરફ જાણ તેમજ ઠરાવમાં જણાવ્યાનુસારની કાર્યવાહી કરવા સારૂ.**

રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂકો ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- ૧૮/૦૧/૨૦૧૭.

સંદર્ભ- (૧) નાણા વિભાગનો તા-૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/ઝ-૧

(૨) નાણા વિભાગનો તા-૧-૦૮-૨૦૦૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/ઝ-૧

(૩) નાણા વિભાગનો તા-૨૯-૦૪-૨૦૧૦નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/ઝ-૧

(૪) નાણા વિભાગનો તા-૬-૧૦-૨૦૧૧નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૫) નાણા વિભાગનો તા-૨૦-૧૦-૨૦૧૪નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૬) નાણા વિભાગનો તા-૨૦-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૭) નાણા વિભાગનો તા-૧-૧-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૮) નાણા વિભાગનો તા-૨૮-૩-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)ઝ-૧

(૯) નાણા વિભાગનો તા-૧૨-૭-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૧૦) નાણા વિભાગનો તા-૧૨-૭-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૧૦૨૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ-૧

**આમુખ:-**

૧. નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીની નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. ત્યાર બાદ નાણા વિભાગ દ્વારા ઉકત નીતિમાં વખતો વખત જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે.

૨. ઉકત નીતિના સંદર્ભમાં રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પર ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓ ૫ (પાંચ) વર્ષની સંતોષકારક સેવાઓ પૂર્ણ કરે ત્યારબાદ જો તેઓ નાણા વિભાગના વખતો વખતના ઠરાવોની અન્ય તમામ શરતો સંતોષતા હોય તો તેઓને નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવાની રહે છે. આ યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓનો પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો નોકરી વિષયક/સેવા વિષયક કોઇ પણ બાબત અંગે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

૩. છેલ્લા કેટલાક સમયથી ઉક્ત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફિક્સ પગાર તેમજ તેઓની સેવાની શરતોમાં સુધારો કરવા બાબતે રાજ્ય સરકારને રજુઆતો મળેલ હતી. નાણા વિભાગના ઉક્ત સંદર્ભ-(૬)માં દર્શાવેલ તા-૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવથી ફિક્સ પગારની રકમ તેમજ તેઓની સેવાની શરતોમાં સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

A-2 શાખા Circulate on web.

ઠરાવ:-

૧. રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ-(૬)ના તા-૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવથી નિયત કરેલ માસિક ફિક્સ પગારના દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે. આ વધારાનો અમલ થતાં ફિક્સ પગાર પર મળતું માસિક "ખાસ ભથ્થું" તેમજ ખાસ ભથ્થા પર મળતો વાર્ષિક ખાસ વધારો હવે પછી મળવાપાત્ર થશે નહીં.

| ક્રમ | તા-૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર + માસિક ખાસ ભથ્થુ + રૂ.૧૫૦૦ ખાસ ભથ્થા પરનો વાર્ષિક વધારો (રૂપિયા) | સુધાર્યા મુજબનો ફિક્સ પગાર. (રૂપિયા) |
|---|---|---|
| ૧. | રૂ. ૭૧૦૦ + ૧૯૦૦ = ૯૦૦૦ + ૧૫૦૦ = ૧૦૫૦૦ | ૧૬૨૨૪ |
| ૨. | રૂ. ૭૮૦૦ + ૨૨૦૦ = ૧૦૦૦૦ + ૧૫૦૦ = ૧૧૫૦૦ | ૧૯૯૫૦ |
| ૩. | રૂ. ૧૩૫૦૦ + ૧૫૦૦ = ૧૫૦૦૦+ ૧૫૦૦ = ૧૬૫૦૦ | ૩૧૩૪૦ |
| ૪. | રૂ. ૧૩૭૦૦+ ૧૮૦૦ =૧૫૫૦૦+ ૧૫૦૦ = ૧૭૦૦૦ | ૩૮૦૯૦ |

૨. હાલમાં ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓનો પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો નોકરી વિષયક/સેવા વિષયક કોઇ પણ બાબત અંગે ધ્યાનમાં લેવામાં આવતો નથી. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત બાબતે પણ જરૂરી વિચારણા કરી ઠરાવેલ છે કે નાણા વિભાગના તા-૧૬-૦૨-૨૦૦૬ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે.,

૩. વધુમાં, ઉકત નીતિના સંદર્ભમાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓ દ્વારા પાંચ વર્ષની ફીકસ પગારની સેવાઓ પૂર્ણ કર્યા બાદ પણ તેઓને નિયમિત પગાર ધોરણમાં નિમણૂક કરવામાં થતા વિલંબની પરિસ્થિતીના નિવારણ માટે સર્વેને જણાવવામાં આવે છે કે ફીકસ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓની ચાર વર્ષની સેવાઓ પૂર્ણ થયા બાદ સંબંધિત કચેરી/વિભાગ દ્વારા તેઓને નિયમિત કરવા અંગેની જરૂરી આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને નાણા વિભાગની ફીકસ પગારને લગતી તમામ સૂચનાઓ/ઠરાવોની શરતોને ધ્યાને લઇને જો તેઓએ પાંચ વર્ષનો સમયગાળો સંતોષકારક પૂર્ણ કરેલ હોય તો તેઓને પાંચ વર્ષ પુરા થયા બાદ તુરત જ નિયમિત નિમણૂક કરવા અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવી હુકમો કરવાના રહેશે.

૪. ફિક્સ પગારની નીતિ સંદર્ભે નાણા વિભાગના વખતો વખતના ઠરાવથી નક્કી થયેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૫. આ ઠરાવ નો અમલ તા:૦૧-૦૨-૨૦૧૭ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મોના ખંધાર )

સચિવ (આર્થીક બાબત)

નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
૦- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
૦- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
૦- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
૦- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
૦- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગો

( ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )

- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- સીલેકટ ફાઈલ- ઝ.૧ શાખા

---

૦ પત્ર દ્વારા

ક્રમાંક:પરચ/૧૧૨૦૧૭/૬૨ /મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૧/૨૦૧૭

પ્રતિ,

(૧) સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી / ઉપસચિવશ્રી/ સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી

૮ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

( એન. ડી. વાઘેલા )
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

A-2 2/2/17

6/2

6/2/17